સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

રણમાં પાણીની જેમ, પ્રજા તરસે છે બજેટ !
સૂકાઈ ગયેલા પાક પર, વરસે છે બજેટ !
ગરજે બજેટ બહુ પણ જાય વરસ્યા વિના -
દીવા સ્વપ્નો, ખોટી આશાઓની ચરસે છે બજેટ
(શ્રી સીતારામનના કોથળામાંથી નિકળ્યું બજેટ)

હાઈકુ

પૉકેટમાર!
બદલાવીને ખિસ્સાં -
કાઢે છે વેરા!
('રાહત' ની માયાજાળ)

બનાવે 'બાબુ'!
ને ચગાવે ઉડાન -
વિમાન વિના !
(એરપોર્ટના ઠેકાણાં નથી)

ચિંતન

નિન્દન્તુ નીતિનિપુણા યદિ વા સ્તુવન્તુ લક્ષ્મીઃ
સમાવિશતુ ગચ્છતુ વા યથેષ્ટમ્ ।
અધૈવ વા મરણમસ્તુ યુગાન્તે વા ન્યાયાત્પથઃ
પ્રવિચલન્તિ પદં ન ધીરાઃ ॥

ઉપરોક્ત શ્લોક ભર્તુહરિ શકતમાંથી લેવામાં આવેલ છે.
નિંદે કે કરે પ્રશંસા નીતિ ડાહ્યા કોય
સંપત્તિ છો આવે કે જાય ચાલી તોય
મૃત્યુ છો આજે આવે કે જીવે દીર્ઘકાળ
વ્યાપ પંથે ડગ હઠવાનો ધીરને નહિ સવાલ

નિંદા કે ટીકા કરે કે સંપત્તિ આવે કે જાય, કે મૃત્યુ રોગ આવે કે જાય પણ વીરપુરુષો હિંમત હારતા નથી - જીવનમાં ધૈર્યનું ખૂબ જ મહત્ત્વ છે.

સુવિચાર

- ધ્યેયો તો આપણને એકાગ્ર થવામાં અને ચોક્કસ દિશામાં આગળ વધવામાં મદદ કરતાં સાધનો છે, કેવળ તેનાથી સુખ નથી વધતું,
  તેમાં આવતી અડચણોને પાર કરીને મળતી સિદ્ધિ જ તૃપ્તિ આપે છે - **ડેનિસ વેટલી**
- પરિવર્તનની પ્રથમ શરત એ છે કે પોતાના માપદંડો ઊંચા કરવા - **સંત રોબિન**
- સર્જનાત્મકતા એ ઉત્સાહનો સહજ વિસ્તાર છે - **અર્લ રિચાર્ડસન**
- સફળ વ્યક્તિ ન સમજણ હોય છે કે પોતાની ઊર્જાને સમયમાં કેમ રોકવી અને સમયમાંથી જ સફળતા કેમ મેળવવી - **આર. જે ધ્વનિત**
- તમારામાં ઈશ્વર સમુદ્રમાં મોજાંની જેમ સતત પ્રગટી રહ્યો છે - **ઓશો**
- ખોટા રસ્તે જેટલા આગળ વધશો એટલો જ પાછા વળવાનો રસ્તો લાંબો થતો જશે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : કારેલાના પાન, લીમડાના પાન સાથે વાટીને તે પેસ્ટ ખંજવાળ વાળી જગ્યાએ લગાડવાથી ખંજવાળ મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

શ્રી વલ્લભાચાર્ય પાસે એક ભાવિક આવ્યો. તેણે કહ્યું, 'સ્વામી, મારું મન ખૂબ જ વ્યાકુળ રહે છે. અવારનવાર અનેક સાચા-ખરાબ-ખોટા વિચારો આવ્યા જ કરે છે. મનને રોકવા ઘણા પ્રયાસ કરું છું, પણ સફળતા મળતી નથી. મનને વશ કરવાનો કોઈ ઉપાય બતાવો.' આચાર્યએ કહ્યું, 'મનને મનથી જીતો.' ભાવિકને કંઈ સમજ ન પડી. તેણે કહ્યું, 'આપે શું કહ્યું ? મને ફરી સમજાવો' આચાર્ય કહ્યું, 'જો તમારે તમારા મનને વશમાં કરવું હોય તો મનને મનથી જીતી લો.' ભાવિક 'હજી મને સમજાતું નથી કે મનને મનથી કેવી રીતે જીતવું ?' માનવી પાસે તો એક જ મન છે. તેમાં આપ મનને મનથી કેવી રીતે જીતી શકાય ?' આચાર્યએ કહ્યું, 'ત્યાં જ તમારી ભૂલ થાય છે. માણસ પાસે બે મન છે. કયારેક એક વસ્તુ અનીતિથી મેળવવા તમારું મન વિચાર કરે છે ત્યારે તરત જ બીજું મન તમને કહે છે કે આમ ન કરાય. આમ ખોટી રીતે વસ્તુ મેળવવાની મજા નથી. આમ દરેકને બે મન છે. સમજાયું ? તમને પણ કયારેક આવું થાય છે ને ?' ભાવિકે કહ્યું, 'વાત તો સાચી છે, કે મને આવું થાય છે.' આચાર્યએ કહ્યું, 'પાડોશીને ત્યાં ફળના ઝાડ પરથી ફળ લેવાનું મન થાય ત્યારે બીજું મન તરત તમને તરત ના પાડે છે, કે આવી ચોરી ન કરાય, માટે જ કહું છું કે મન ને મનથી જીતો...' તમારી દેહ નગરીમાં મન એ રાજા છે. સારી અને નરસી બે પ્રવૃત્તિઓ છે. પંચેન્દ્રિય એ એના સેવક છે. રાજાને હુકમ થતાં જ એ કાર્યમાં પ્રવૃત્ત બને છે. મનની ખોટી વૃત્તિઓ ઉપર જે સંયમ મૂકે તે જીતે.

ગાંધીજી સંદર્ભના લવારા બંધ કરો

તંત્રીસ્થાનેથી...

નેતાઓમાં બફાટ કરવાની જાણે હોડ લાગી છે. સત્તાધારી પક્ષ હોય કે વિપક્ષ બંનેને આ રોગ લાગુ પડ્યો છે. બફાટ કરીને થોડાક સમય માટે સમાચારોમાં ગમે તેમ કરીને ચમકી જવું તે આ નેતાઓને ફાવી ગયું છે. છેલ્લા ઘણાં સમયથી તો એવું જોવા મળી રહ્યું છે કે રાજકીય આગેવાનો એવા એવા નિવેદનો - એવો એવો બફાટ કરી રહ્યાં છે કે તેમના પક્ષને બચાવની મુદ્રામાં આવી જવું પડે. કેટલાક કિસ્સાઓમાં નેતાઓનું અંગત મંતવ્ય હોવાનું કહી ચલાવી લેવાય છે તો કેટલાક કિસ્સામાં માફી માંગવાનો આદેશ આપી જેતે રાજકીય પક્ષ પોતાને ઉડેલા છાંટાને ધોવાનો પ્રયાસ કરે છે.

નેતાઓનો આવો બફાટ બકવાસ જયારે હદ વટાવે ત્યારે નાગરિકોના રોષનો ભોગ બનવું પડે છે. સત્તાધારી પક્ષના નેતાઓ તો હવે જાણે પોતાનાં મનમાં એવું સમજી બેઠા છે કે ચૂંટાયા એટલે તેમને ગમે તે વિશે ગમે તેમ બોલવાનો પરવાનો મળી ગયો. સાધ્વી પ્રજ્ઞાએ ગોડસેને રાષ્ટ્રભક્ત કહેવાનું દુઃશાસન કર્યું, તો કર્ણાટકના ભાજપના સાંસદ અનંતકુમાર હેગડેએ ગાંધીજીના સત્યાગ્રહને નાટક કહી તમામ હદો વટાવી. હેગડેના આવા નિવેદનથી સત્તાધારી પક્ષ ભીંસમાં મુકાયું છે અને બચાવની મુદ્રામાં આવી ગયું છે. આ સમગ્ર મામલાએ ભારે ઉહાપોહ જગાવતા આખરે ભાજપે પોતાના સાંસદને બીનશરતી માફી માંગવાનો આદેશ કર્યો છે.

સમગ્ર દેશ ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ ઉજવી રહ્યું છે. ખુદ દેશના વડાપ્રધાન ગાંધીજીની જન્મજયંતિના કાર્યક્રમોમાં ઉત્સાહભેર ભાગ લઈ ગાંધીજીના વિચારોને સમર્થન આપી રહ્યાં છે. ત્યારે હેગડે જેવા વિચારવિહીન સાંસદો રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી વિશે બફાટ કરે તે બિલકુલ ચલાવી ન લેવાય. હેગડે જેવા નેતાઓએ સમજી લેવાની જરૂર છે કે પ્રજાએ તેમને ચૂંટીને સંસદમાં મોકલ્યા છે ભલે તેઓ વધુ ભણ્યા ન હોય પરંતુ પ્રજા તેમની પાસે એટલી સમજદારીની અપેક્ષા તો ચોક્કસ રાખે છે કે તેઓ ગાંધીજી વિશે બેફામ ન બોલે. આપણે એ ભૂલવું ન જોઈએ કે જે નૂતન ભારતમાં આપણે જીવી રહ્યા છે તે ગાંધીજી જેવા આઝાદીના લડવૈયાઓની વર્ષોની લડત અને પ્રતિજ્ઞાનું ફળ છે. આજે દાયકાઓ બાદ પણ ગાંધીજીનો એટલો દબદબો છે કે સમગ્ર વિશ્વમાં ભારતની ઓળખ ગાંધીના ભારત તરીકેની છે. ગાંધીજી વિશ્વવ્યાપી બ્રાન્ડ બન્યા છે. નેતાઓએ તો એ ખૂબ સારી પેઠે જાણી લેવું પડશે કે ગાંધીજી વિશેનો બેફામ બફાટ ગાંધીજી કે એમના મૂલ્યો અને વિચારોને તો જરાય હાનિ નહીં પહોંચાડે પરંતુ તેમના પક્ષની પ્રતિષ્ઠાને તો જરૂર લાંચન લાગશે.

જા હું તને શ્રાપ આપું છું...

નવાં કલેવર
નટવર હેડાઉ

નિહિતા વિચારતી હતી. આ પુજારી મહારાજ જે કહે તેમ થાય ખરું ?

ખુબ જ પરિશ્રમથી રાત દિવસ એક કરી નિહિતાએ લોન તૈયાર કરી હતી. તેને પશુઓની નુકશાન ન પહોંચે તે માટે જાળીવાળી 'બાઉન્ડ્રી વૉલ' બનાવી હતી. તેની પાસે ક્યારા બનાવી તેમાં વીસ પચ્ચીન જાતનાં દુર્લભ ગુલાબના છોડ વાવ્યા હતા. જે આવતાં જતાં લોકોને નિહિતા ખુબ જ શોખથી બતાવતી હતી.

ડાબી તરફ બોગનવેલ લગાવી હતી. તેમાં લાલ, સફેદ, પીળી, પરપલ અને વાદળી રંગોની ભભક છવાઈ જાય તે રીતે ગોઠવણ કરેલ હતી.

નિહિતાના બગીચાના રંગબેરંગી પુષ્પો અને લીલીછમ્મ લોન પસાર થતાં વટેમાર્ગુ ને પણ પળભર થંભી જવા મજબુર કરતાં હતા.

બગીચાનો દરવાજો પણ ખુબ જ કલાત્મક બનાવ્યો હતો. તેના પર જૂહી અને ચમેલીની વેલો દૂરથી આવતાં જતાંની નજરે તરત જ ચડી જાય તેવી લાગતી હતી. દરવાજાથી બંગલા સુધી લાલ પથ્થરથી બનાવેલ રસ્તાની બંને બાજુ કોચિવાના ફૂલોવાળા નાના નાના છોડની હાર અદ્‌ભૂત દૃશ્ય ઊભું કરતી હતી. વરંડાના છજ્જા પાસે મરુન અને લીલારંગના કોમ્બીનેશન વાળા ક્રોટોનના છોડવાઓ અને બિલકુલ તેની પાછળના ભાગમાં નાના 'ચાઈનીઝ પામ' નાં ઝુલતાં પાન અનેરું દૃશ્ય સર્જતા હતા. દિવાલ પરડાવેલથી ઢંકાઈ ગઈ હતી.

બંગલાના દરવાજા પાસે રાતરાણી ઝુમતી હતી. જે રાતે તેની નશીલી સુગંધથી વાતાવરણને તરબતર કરી દેતી હતી.

એક દિવસ સવાર સવારમાં કપાળમાં લાબું ત્રિપુંડ લગાવેલ મંદિરના પુજારી જેવા લાગતાં પંડિતને જલ્દી જલ્દી ફૂલ અને પાન તોડતાં નિહિતા એ જોયા. તેમની થાળીમાં ગુલાબ, તુલસી, આસોપાલવ અને બિલીપત્રનાં પાન હતાં. લોનમાંથી ઘરો પણ ખાસ્સી બધી ઉખાડી કાઢેલી હોય એવું લાગતું હતું. ફૂલોના છોડ અને લોનની દુર્દશા જોઈને નિહિતાને ખુબ જ ગુસ્સો આવ્યો. તે રાતીપીળી થતી બહાર આવી.

'કોને પુછીને આ તોડી રહ્યા છો?'નિહિતા બોલી. તેનો અવાજ લગભગ ફાટી ગયો.

'બેટા, એમાં નારાજ શું કામ થાય છે. હું આ બધું ભગવાનને ચઢાવવા અને ફૂલો ભક્તોને પ્રસાદરૂપે આપવા તોડી રહ્યો છું.' પંડિતે ખૂબ જ ઠંડા કરેલે શાંતિથી કહ્યું.

'હાં... હાં... આ બધું ખૂબ જ સહજ રીતે મળી રહ્યું છે તેથી હાથથી સાથે સાથે તમારી જીભ પણ ચાલે છે. પૂજા અને ભક્તિનો એટલો શોખ હોય તો ઘરમાં ફૂલો અને આ બધું વાવી જુઓ. પછી ફુલ ચડાવજો અને ભક્તોને પણ પ્રસાદ રુપે વહેંચજો. ખબરદાર જો દરવાજામાં પગ મૂક્યો છે તે પોલીસને સોંપી દઈશ સમજ્યા.'

ફૂલો અને પાનથી ભરેલ થાળ અને લાલ રંગની થેલી લઈ બહાર નીકળતાં પંડિત બબડતા હતા. 'પૂજા માટે થોડાં ફૂલ તોડ્યા એમાં તો જાણે મોટી આફત આવી ગઈ. બોલી પોલીસને સોંપી દઈશ. રામ રામ કેવો કળયુગ આવ્યો છે. ભગવાનની પૂજા માટે ફૂલો પણ પ્રેમથી આપતાં જીવ ચાલતો નથી. કમનસીબ જા હું તને શ્રાપ આપું છું જલ્દી તારા ખરાબ દિવસો આવશે.'

ઘર તરફ જતાં પંડિત વિચારવા લાગ્યા. જો મારા શ્રાપમાં એટલી શક્તિ હોત તો કેટલું સારું થાત.

ચેત મછન્દર, ગોરખ આયા : મછન્દર પણ આપણે, ગોરખ પણ આપણે

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

ગુરુ મત્સ્યેન્દ્રનાથના જીવનનો એક જાણીતો પ્રસંગ છે. યોગી મત્સ્યેન્દ્રનાથ આધ્યાત્મ માર્ગે ઉચ્ચ ભૂમિકાએ પહોંચેલા ગુરુ હતા. તેઓને હઠયોગના પ્રણેતા માનવામાં આવે છે. તેમણે ગોરખનાથ નામે એક પ્રિય શિષ્ય હતા. એ શિષ્ય પણ ગુરુની જેમ જ આધ્યાત્મના ઉચ્ચ શિખરે પહોંચેલા હતા. મત્સ્યેન્દ્રનાથ નાથસંપ્રદાયના પ્રચાર અને પ્રસાર માટે ફરતાં ફરતાં એક વખત કામરુ દેશમાં જઈ ચડ્યાં. કામરુ દેશમાં સ્ત્રીઓનું સામ્રાજ્ય હતું. સ્ત્રીઓના સામ્રાજ્ય એવા કામરુ રાજયમાં ગયા પછી મત્સ્યેન્દ્રનાથ પોતાની જાત સાથે અસાવધ થઈ ગયા અને પોતાનો મુખ્ય માર્ગ ભૂલીને એ રાજયની સ્ત્રીઓ સાથે ભોગ વિલાસમાં ડૂબી ગયા.

આધ્યાત્મ માર્ગની ખૂબ જ ઉચ્ચ કક્ષાએ પહોંચેલા અને હઠયોગના પોતાના સિધ્ધ ગુરુ આ રીતે ભોગ વિલાસમાં ડૂબી ગયા છે એ વાતની શિષ્ય ગોરખનાથને જાણ થઈ. નાથસંપ્રદાયનો પ્રચાર કરી રહેલા ગોરખનાથ પોતાના ગુરુના ફરી પાછા પોતાના માર્ગે વાળવા કામરુ પ્રદેશ તરફ રવાના થયા. કામરુ રાજ્ય સુધી પહોચીને ગોરખનાથે પોતાના ગુરુને મળવાના પ્રયત્નો કર્યા પણ કામરુ રાજ્યની સ્ત્રી રક્ષિત મજબૂત દિવાલોને કારણે પોતે ગુરુ સુધી પહોંચી શકે એમ ન હતા. ગોરખનાથને તો કોઈપણ ભોગે પોતાના ગુરુને પોતાનો સંદેશો આપીને તેમણે ચેતવવા હતા, ગુરુને જગાડવા હતા અને ભોગવિલાસણા માર્ગેથી મૂળ માર્ગે વાળવા હતા. ગુરુને મળવાના પોતાના બધાજ પ્રયત્નો નિષ્ફળ ગયા પછી આખરે દેવડીએ પડેલા નગારા ઉપર હાથ પછાડી પછાડીને ગોરખનાથે ગુરુ સુધી પોતાનો અવાજ પહોચડ્યો. નગરના અવાજ અને પોતાના અવાજ દ્વારા ગોરખનાથે ગુરુને ચેતાવતા કહ્યું; " ચેત મછન્દર ગોરખ આયા, ચેત મછન્દર ગોરખ આયા."

ગુરુ મત્સ્યેન્દ્રનાથે શિષ્યની ચેતવણી પછી આત્મમંથન અને આત્મનિરીક્ષણ કર્યું. પોતાની ભૂલ સમજાઈ. પોતે ખોટા માર્ગે વળી ગયા ચ્હે એવો એહસાસ થયો અને પોતે મૂળ માર્ગે પછ વળ્યા. આમ પોતાનો મૂળ આધ્યાત્મ માર્ગ છોડીને ગુરુ મત્સ્યેન્દ્રનાથ ભોગવિલાસમાં ડૂબીને પતનના માર્ગે જઈ રહયા હતા તેમને શિષ્ય ગોરખનાથે પાછા વાળ્યા.

ગુરુ મત્સ્યેન્દ્રનાથે સમયાંતરે આત્મનિરિક્ષણ કર્યું હોત તો કદાચ તેઓ ભોગ-વિલાસના માર્ગે ના વળ્યા હોત. તેમના શિષ્ય ગોરખનાથે તેમને 'ચેત મછન્દર' કહીને ચેતાવ્યા ત્યારે મત્સ્યેન્દ્રનાથે આત્મવંચના આળ-પંપાળ કરી હોત તો તેઓ ભોગ વિલાસના માર્ગેથી ફરી પછ પોતાના મૂળ આધ્યાત્મ માર્ગ તરફ પાછા ના વળી શક્યા હોત.

કોઈપણ વ્યકિત સફળતાના ઊંચા શિખરે પહોંચી શકી હોય તો તેમની પાછળ અન્ય પરિબળોની સાથે એક મહત્વનુ પરિબળ તેમના સંબંધો હોય છે. એવી જ રીતે તેમના પતનનું એક પરિબળ પણ સંબંધો જ હોય છે. વ્યકિતની એ સફળતા કે પતન રાજકીય હોય, સામાજિક હોય, આર્થિક હોય કે જીવનના મૂલ્યોનું હોય. કોઈપણ પ્રકારનું પતન હોય, જો તેનું વિશ્લેષણ કરીએ, તેના મૂળમાં જઈએ તો તેની ચડતી કે પડતીનું એક મહત્વનુ પરિબળ તેમના સંબંધો હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો સંબંધોના પતનના મામલે માણસ ખાસો સ્વાવલંબી છે. સંબંધો થકી પતન કે સંબંધોમાં પતન માટે મુખ્યત્વે બે બાબતો જવાબદાર હોય છે. એક, સંબંધોને લઈને આત્મનિરીક્ષણનો અભાવ અને બે, વ્યકિત દ્વારા આત્મવંચનાની આળપંપાળ.

આપણાં વ્યકિતગત સંબંધો, સંબંધોમાં થતાં આપણાં વાણી, વર્તન અને વ્યવહારમાં કોઈપણ સમયે, કોઈપણ પ્રકારની ચૂક થઈ જવાની શક્યતાઓ રહેલી છે અને આ પ્રકારની શક્યતાઓનો કોઈ જ વ્યકિત ઈનકાર કરી શકે નહીં. આપણાં સંબંધોમાં આપણે જાણે-અજાણે, સહેતુક કે અહેતુક સંબંધીઓ સાથે એવું વર્તન કરી બેસતા હોઈએ છીએ કે જેને કારણે આપણાં સંબંધોનું ટૂંકા કે લાંબા ગાળે પતન થઈ જતું હોય છે. રોજ-બરોજના વ્યવહારમાં આપણાં વર્તન અને વ્યવહાર વિષે નિયમિત રીતે આત્મનિરીક્ષણની પણ આવશ્યકતા રહેલી છે.

નિયમિત રીતે આત્મનિરીક્ષણની પણ આવશ્યકતા તો છે જ પણ સાથે સાથે ઘણીવાર આપણને આત્મનિરીક્ષણ કરવા માટે સંકેતો પણ મળતા હોય છે. જયારે જયારે સંકેતો મળે ત્યારે એ સંકેતોને સમજવાને બદલે, એ સંકેતોને નજરઅંદાઝ કરીને, આપણે આત્મનિરીક્ષણ નથી કરતાં ત્યારે આપણાં સંબંધોને વિપરીત અસર થતી હોય છે. આત્મનિરીક્ષણ થકી આપણને સંબંધોમાં આપણે કરેલી ભૂલોની ખબર પડે છે અને તેના થકી આપણે આપણી ભૂલોને સુધારીને સંબંધોને પણ પતનના માર્ગે જતાં રોકી શકીએ છીએ. આત્મનિરીક્ષણ જો કરીએ જ નહીં, સંકેતા મળવા છતાં જો ના કરીએ તો આપણાં જેવી મૂર્ખ વ્યકિત કોઈ નહીં કારણ કે આત્મનિરીક્ષણ કરીએ જ નહીં તો આપણે કરેલી ભૂલોની આપણને ક્યારેય ખબર જ ના પડે. આપણી ભૂલોથી જો આપણે અજાણ જ રહીએ તો ક્યારેય તેનો એહસાસ ના થઈ શકે, ભૂલો સુધારી ના શકીએ અને પરિણામ? એ જ, સંબંધોનું પતન.

ગુરુ મત્સ્યેન્દ્રનાથને તો તેમના શિષ્ય ગોરખનાથે પાછા વાળ્યા. આપણાં સંબંધોને લઈને આપણે જો આત્મનિરીક્ષણ ના કરીએ તો આપણને કોઈ ગોરખનાથ મળવાના નથી જે આપણને ચેતવીને કહે કે "ચેત મછન્દર, ગોરખ આયા." આપણે તો એક સાથે બન્ને ભૂમિકાઓ સતત ભજવતી રહેવી પડે. મત્સ્યેન્દ્રનાથની અને ગોરખનાથની. મત્સ્યેન્દ્રનાથ પણ આપણે અને ગોરખનાથ પણ આપણે. સતત આપની જાતને કહેતા રહેવું પડે "ચેત મછન્દર ગોરખ આયા, ચેત મછન્દર, ગોરખ આયા."

ભૂખમરાથી લોકો પીડિત અને બીજી તરફ અન્નનો બગાડ !

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

હાલમાં સર્વત્ર લગ્નસરાની ઋતુ ચાલે છે મોંઘાદાટ ખર્ચાળ લગ્નોથી હજી સમાજ બહાર નીકળી શક્યો નથી. જેમ જેમ મોંઘવારી વધી રહી છે તેમ તેમ લગ્નમાં ભમકા-ભોજન વગેરેમાં ખર્ચા પણ વધતા જ જાય છે! લગ્ન માંગલ્ય જીવનમાં એકવાર જ આવે એટલે પરિવાર સહિત સૌ તેમાં કરકસર કરવાના ખ્યાલ ને કબારના કોઈક ખાનામાં મુકી દઈને આયોજન કરતા જોવા મળે છે. પ્રણયના માર્ગે પવિત્ર પ્રેમની હાજરી સિવાય બધુ જ હાજર હોય તે જોઈને ઘૃણા કોના માટે કરવી એ ચિંતન પણ મનમાં જાગી ઊઠે છે. વિશ્વ ભૂખ સૂચકાંક - ૨૦૧૯ હાલમાં પ્રસિદ્ધ થયો તે વાંચી ને દિલ દ્રવી જ ઊઠ્યું. વિશ્વની પ્રત્યેક સાતમી વ્યક્તિ ભૂખ્યા પેટે સુવે છે અને ભારતમાં ૧૯૦૫૦૦૦થી વધુ લોકો કુપોષિત છે અને ટકાવારીની દૃષ્ટિએ ભારતની ૧૪.૫ ટકા વસ્તીને જરૂરી પૂરતું પોષણ મળતું

નથી! ભોજનની અછતથી પ્રત્યેક ચોથો ભારતીય ભૂખ્યો સૂઈ જાય છે. વિશ્વની હાલત પણ ખરાબ છે વિશ્વમાં ફેંકી દેવાતી ખાદ્ય સામગ્રી થી બે અબજ લોકો ને પોતાનું ભોજન મળે તેમ છે તો આ મામલે પ્રતિવર્ષ માત્ર ડેન્માર્કમાં પ્રતિ વ્યક્તિ ૬૬૦ કિલો ભોજન વેડફાઈ જાય છે !! વિશ્વ ભૂખ સૂચકાંક-૨૦૧૬માં ભારતનું સ્થાન ૫૭મું હતું જે ૨૦૧૯માં ૧૦૨ નંબરે સરકી ગયું છે. અન્નનો વ્યાપક અને ભરપુર બગાડ થઈ રહ્યો છે. ભારતમાં ૪૦ ટકા ફળો તથા શાકભાજી અને ૩૦ ટકા અનાજ અયોગ્ય વ્યવસ્થાપનના લીધે ફેંકી દેવા પડે છે, તો પ્રતિ વર્ષ ૨૧૦૦ કરોડ કિલો ઘઉં ખરાબ થઈ જાય છે. આ બધા આંકડાઓ પરથી એટલું તો જરૂર સમજાય છે કે આપણા ભૂખમરા અને કુપોષણના ક્ષેત્રમાં માનવસર્જિત કારણો વધુ જવાબદાર છે. જેના માટે આપણા માનવીય વડાપ્રધાન મોદી સાહેબે મન કી બાતમાં વિગતવાર વાત કરી હતી. ભૂખી વ્યક્તિ સ્વયં માટે પણ વિચાર કરવાને યોગ્ય રહેતી નથી તો બીજી વાત ક્યાં કરવાની !? ભારતમાં કૃષિ મુખ્ય વ્યવસાય આજે પણ છે. ત્યાં સમસ્યાઓ કમ થઈ નથી છતાં અફસોસ એ વાતનો વધુ છે કે જે ઉત્પાદન મળે છે તેને જાળવવામાં, સંગ્રહવામાં, વિતરણમાં અને ઉપયોગમાં પણ આપણે બધી જ રીતે નિષ્ફળ ગયા છીએ. અન્નના કણમાં પરમાત્માની ઊર્જા વસી હોય છે પણ આ ઉર્જાનો વેડફાટ થાય એ તો ઈશ્વરની કૃપાને ગંદાનાળામાં ફેંકવા જેવી ઘટના જ કહી શકાય !!

આઠેય પહોર અને છ ઋતુમાં બધું ત્યારે જ સુંદર લાગે છે જયારે પેટની અંદરનો અગ્નિ ભોજન દ્વારા શાંત થયેલો હોય. બધી જ ભાગદોડ અને વેટનું સાચું પ્રેરકબળ જો કોઈ જોવા મળતું હોય તે પેટ છે. વસંતઋતુ એટલે જ મધુરસ - ઋતુ પરંતુ જઠરાગ્નિની જવાળાઓ શાંત નથી તો બધું જ વ્યર્થ છે. ભૂખમરાની સમસ્યા માટે બે પરિબળો મુખ્યત્વે જવાબદાર રહ્યા છે. જેમાં પ્રથમ સતત વધતી જતી જનસંખ્યા જે બધી જ વ્યવસ્થા - પ્રગતિના પ્રયાસોને વિફળ બનાવે છે. બીજું પરિબળ આપણી વિચારધારામાં નહીં આવતું હકારાત્મક પરિવર્તન કેમ કે આપણી અનાજ-કઠોળ-તેલિબિયાં વગેરેને રાખવાની સંગ્રહશક્તિમાં વૃદ્ધિ કમ રહી ઉપરાંત જાહેર વિતરણ - પી.ડી.એસ. માં પ્રવર્તતી ખામીઓ, અને અન્નનો બગાડ રોકવાના વિચારની પુષ્કળ કમી જેના કારણે આ સમસ્યા વિકૃતરૂપ ધારણ કરે છે. ભારતમાં જ પ્રતિવર્ષ પ્રતિવ્યક્તિ ૩૬૧ કિલો ભોજનનો બગાડ થઈ રહ્યો છે એ ચિંતાજનક છે ! આવક વધતી હોય તેવા લોકોની વધેલા ભોજનને ફેંકવાની પ્રવૃત્તિ પણ વધી છે. વધેલા ભોજનને એકત્ર કરી ભૂખ્યા લોકોને આપવાની પ્રવૃત્તિ દક્ષિણ ભારતનાં શહેરોમાં થોડા ઘણાં પ્રમાણમાં થઈ રહી છે જે ઉમદા કહી શકાય. ભારતના દરેક રાજયમાં ઓઆવી કોઈ ઝૂંબેશ શરૂ કરવાની હવે ખાસ જરૂરત છે. યે દુનિયા કિતની છોડી હૈ, સબકા મસલા રોટી હૈ - પરંતુ સમજણમાં ઉતરતું નથી. આર્થિક દૃષ્ટિએ જીવન જીવવામાં પારાવાર વિઘ્નો, અછત, અજંપો વ્યાપક છે ત્યારે દરેક ભારતીય ભૂખ્યો ના રહે એ સુનિશ્ચિત કરવું જરૂરી છે. મધ્યાહન ભોજન યોજનાના લીધે શાળામાં સંખ્યા થાય છે પણ ત્યાં ગુણવત્તામાં ઘણી ખામી જોવા મળે છે. અન્ન દેવતા કહી ભોજન પહેલાં મંત્રો બોલીને જમીએ છીએ પરંતુ વેડફાટ ઘટતો નથી. બાળકો કૂપોષણથી પીડિત છે, ગ્રામ્ય ક્ષેત્રમાં મહિલાઓ પણ કૂપોષણથી પરેશાન છે કૃષિક્ષેત્રની મુંઝવણો છતાં જે પાક ઉત્પન્ન થાય છે તેને યોગ્ય રીતે માનવશક્તિ અને વિકાસ હેતુ વાપરવામાં આપણે કાચા પડ્યા છીએ. ફુડ બેંક, રોટી બેંક જેવી સામાજિક પ્રવૃત્તિઓ ચલાવવી જ પડશે બચેલા ભોજનને ભૂખ્યાજનો સુધી લઈ જવી એ જ માનવધર્મનો મોટો હિસ્સો છે.

શેર આસ્વાદ :
જિન કે વજૂદ હોતે હૈ વો
બિના પદ ભી મજબૂત હોતે હૈ